ભડકોદ્રાની ડમ્પિંગ સાઈટમાં આગ

અંકલેશ્વર-પાનોલી ફાયર વિભાગે કાબૂ મેળવ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભડકોદ્રા ગામની ડમ્પિંગ સાઈટમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર અને પાનોલી ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક અંદાજ મુજબ તહેવારોના દિવસોમાં ફટાકડાની ચિંગારી ઊડવાના કારણે ડમ્પિંગ સાઈટમાં એકત્ર કરાયેલા કચરામાં આ આગ લાગી હોવાનું મનાઈ રહ્યું છે.



ભડકોદ્રા ગામની ડમ્પિંગ સાઈટમાં કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેના કારણે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊડતા દેખાયા હતા. આગની ગંભીરતાને જોતા અંકલેશ્વર અને પાનોલી એમ બંને સેન્ટરના ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર વિભાગના જવાનોએ પાણીનો મારો ચલાવીને લાંબી અને કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી.

આ ભયાનક આગમાં ડમ્પિંગ સાઈટમાં પડેલો કચરો મોટા પ્રમાણમાં બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, ફાયર વિભાગની ત્વરિત કામગીરી અને સમયસૂચકતાના કારણે આગ વધુ ફેલાતી અટકી ગઈ હતી અને આજુબાજુના વિસ્તારમાં મોટી હોનારત થતાં ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. સ્થાનિક સત્તાધીશો દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કીમ ચાર રસ્તાથી કામરેજ જતા હાઇવે પર અકસ્માત



■ હથોડા: કીમ ચાર રસ્તા અને કામરેજની વચ્ચે પાલોદ પોલીસની હદમાં એચપી પેટ્રોલપંપની સામેની બાજુ જીજે 5 એસપી 5100 નંબરનું રેતીનું મિક્સર મશીનના વાહન અને બંધ બોડીવાળા ટેમ્પો વચ્ચે અકસ્માત થતાં ટેમ્પો ડિવાઇડર પર ચઢી ગયો હતો. જ્યારે મિક્સર મશીનનું વાહન ડિવાઇડર પાસે પલટી મારી ગયું હતું. આ બનાવમાં કોઈ મોટી જાનહાનિ ન થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

સંક્ષિપ્ત સમાચાર

કામરેજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની પ્રથમ કારોબારી સભા સંપન્ન



સુરતઃ સરદાર પટેલ જયંતી નિમિત્તે કામરેજના શિક્ષક સહકાર ભવન ખાતે કામરેજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની વર્ષ-૨૦૨૬થી ૨૦૨૯ માટેની પ્રથમ કારોબારી સભા સંગઠનના પ્રમુખ અશ્વિનભાઈ વલ્લભભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆતમાં વલસાડ ખાતે નિધન પામેલ પ્રાથમિક શિક્ષકને શ્રદ્ધાંજલિરૂપે મૌન પાળવામાં આવ્યું હતું. મહામંત્રી યોગેશભાઈ પટેલે એજન્ડા રજૂ કર્યો હતો. બાદ બિનહરીફ ચુંટાયેલા હોદ્દેદારો અશ્વિનભાઈ વલ્લભભાઈ પટેલ (પ્રમુખ), મહામંત્રી યોગેશભાઈ પટેલ અને સિનિયર કાર્યવાહક પ્રમુખ કમલેશભાઈ પરમારનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સભામાં જિલ્લા કારોબારી, સંગઠન મંત્રી, સહમંત્રી અને ઇન્ટર્નલ ઓડિટરની નિમણૂક કરાઈ હતી. પ્રમુખે શિક્ષકોના હકો, વર્તમાન પડકારો અને રાષ્ટ્રીય એકતા દિવસે સંગઠન શક્તિ વધારવા પર ભાર મૂક્યો હતો. સમગ્ર સભાનું સંચાલન યોગેશભાઈ પટેલે અને આભારવિધિ ખોલવડ કેન્દ્રના કારોબારી ગણપતભાઈએ કરી હતી.

બાબેન ગામે એરગન અને સ્ફોટક પદાર્થો વેચતો યુવાન ઝડપાયો

બારડોલી: બારડોલી ટાઉન પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમીના આધારે બાબેન ગામમાં સી.એન.જી. પેટ્રોલ પંપ સામે આવેલી અલંકાર સુગર ફેક્ટરીની દીવાલ પાસે જાહેર રોડ પર છાપો માર્યો હતો. પોલીસે સ્થળ પરથી એરગનનું વેચાણ કરી રહેલા સુનીલભાઈ આદારભાઈ મોહીતે (ઉ.વ.૨૬) (રહે.,કડોદરા ચાર રસ્તા, તા.પલસાણા, મૂળ રહે.,આરવી, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી સક્ષમ અધિકારીના લાઇસન્સ વગર વેચાણ અર્થે રાખેલી રૂ.૬,૩૦૦ની કિંમતની કુલ ૪૨ પીવીસી પાઇપવાળી એરગન જપ્ત કરી હતી. ઉપરાંત તેની પાસેથી રૂ.૧૫૦ની કિંમતની કેલ્શિયમ કાર્બાઇડ અથવા સલ્ફર જેવા સ્ફોટક ઘન પદાર્થની ૧૫ પ્લાસ્ટિકની થેલીઓ અને એક નાની પાણીની બોટલ મળી કુલ રૂ.૬,૪૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ બનાવમાં આરોપી સુનીલભાઈની અટકાયત કરવામાં આવી હતી.

પલસાણામાં વાહન અડફેટે આધેડનું મોત

પલસાણા: પલસાણા વિસ્તારમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર દુર્ગા કોલોની સામે પૂરઝડપે આવતા એક અજાણ્યા વાહનચાલકે રાહદારીને અડફેટમાં લેતાં બિહારના વતની અને હાલ નવસારી રહેતા ૫૮ વર્ષીય મદન રામવિલાસ ઝાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. તેઓ ગુરુવારી બજારમાં કપડાં વેચી પરત ફરતી વખતે હાઈવે પર ગયા હતા. આ અકસ્માત સર્જીને ચાલક વાહન લઈને નાસી છૂટ્યો હતો. આ મામલે પલસાણા પોલીસે મૃતકના સંબંધીની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંડવીમાં જરૂરિયાતમંદોને દિવાળી કિટનું વિતરણ



માંડવી: OneStep4Help Foundation દ્વારા સતત વર્ષ-2019થી દિવાળી નિમિત્તે જરૂરિયાતમંદ બાળકો અને પરિવારો સાથે ખુશીઓ વહેંચવાની સેવાકીય પરંપરા જાળવી રાખવામાં આવી છે. આ વર્ષે પણ 'દિવાળી દાન ઉત્સવ-2026' અંતર્ગત માંડવી તેમજ આજુબાજુનાં ગામોમાં જરૂરિયાતમંદ બાળકો અને પરિવારોને મીઠાઈ, નમકીન, બિસ્કિટ, ચોકલેટ અને ફટાકડા સહિતની કુલ 100 દિવાળી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પલસાણાના વરેલીમાં પૂરપાટ દોડતી રિક્ષાની અડફેટે આધેડનું મોત

પલસાણા: ચલથાણ ગામમાં રહેતા અને ડ્રાઇવિંગ કરતા સંદીપ બાલુભાઈ પાટીલ તા.૬/૧૧/૨૦૨૬ના રોજ રાત્રિના સાડા બારેક વાગ્યાના અરસામાં કડોદરા ચોકડીથી સુરત તરફ જઈ રહ્યા હતા. દરમિયાન વરેલી ગામ પાસે ઐશ્વર્યા કંપની તરફ જતા રોડની આગળ લોકોનું ટોળું જોઇને તેઓ ત્યાં ગયા હતા. ત્યાં એક ઓટો રિક્ષા નં.(GJ-23-AV-8248)ના ચાલકે એક રાહદારીને ટક્કર મારી હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માત સર્જનાર રિક્ષા ચાલકનું નામ પ્રમોદ સંજય પાટીલ (ઉ.વ.૨૬) (રહે.,હલધરુ, કામરેજ, મૂળ-મહારાષ્ટ્ર) હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે તલોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી. આ સમગ્ર ઘટના અંગે સંદીપ પાટીલની ફરિયાદના આધારે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં રિક્ષા ચાલક પ્રમોદ પાટીલ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર મિલનકુમાર રામાણી ચલાવી રહ્યા છે.

કોસંબા મર્કન્ટાઈલ બેન્કની ચૂંટણી માટે 66 ફોર્મ ભરાયાં

22મી નવેમ્બરે યોજનારી ચૂંટણીમાં 7630 સભાસદ મતદાન કરશે



હથોડા: તરસાડી-કોસંબા સહિત માંગરોળ તાલુકામાં પ્રચલિત ગણાતી કોસંબા મર્કન્ટાઈલ બેંકના પેટા કાયદા મુજબ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના 15 સભ્યની (સામાન્ય-૧૦ + પ્રોફેશનલ 2 + મહિલા અનામત-2, અનુ.જાતિ અથવા અનુ.જનજાતિ-1) મળી કુલ 15 સભ્ય માટે આગામી પાંચ વર્ષની મુદત માટે આગામી 22મી નવેમ્બરે ચૂંટણી યોજાનાર છે, જેમાં શનિવારે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કુલ 66 ફોર્મ ભરાયાં છે. આગામી તા.9-11-2026 ને સોમવારે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાની તારીખ 11- 12 છે અને 22મી નવેમ્બરે રવિવારે તરસાડી ખાતેની આવેલી વી.એસ.પટેલ સ્કૂલ ખાતે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં 7630 સભાસદ મતદાન કરશે. જ્યારે 23 નવેમ્બરે મત ગણતરી આજ સ્કૂલમાં કરવામાં આવશે. મર્કન્ટાઈલ બેંકની યોજનારી ચૂંટણીમાં તરસાડી, કોસંબા સહિત માંગરોળ તાલુકાની જનતાની નજર મંડાઈ છે.

કેલ્વીકૂવા ગામે કાર અડફેટે બાઇક સવાર ઘાયલ

નેત્રંગ: નેત્રંગ-ચાસવડ રોડ પર આવેલા કેલ્વીકૂવા ગામ નજીક ભારત પેટ્રોલ પંપ પાસે કાર ચાલકે બાઈકને અડફેટે લેતા એક યુવક ઘાયલ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઝંખવાવ ખાતે જીઓ કંપનીના કામ અર્થે ગયેલા નેત્રંગના લાલમંટોડી વિસ્તારમાં રહેતા 29 વર્ષીય દીપકભાઈ કાંતિભાઈ વસાવા પોતાની બાઈક નં.(GJ-16-EB-5572) લઈ પરત ફરી રહ્યા હતા. દરમિયાન સામેથી પૂરઝડપે રીતે આવી રહેલી એક સફેદ કલરની ટોયોટા ઈટીઓસ ફોર-વ્હીલ ગાડી નં.(GJ-06-JM-7061)ના ચાલકે બાઈકને જોરદાર અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં બાઈક સવાર દીપકભાઈ રોડ પર પટકાતાં તેમને શરીરે તથા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત યુવકને 108 એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ નેત્રંગ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર અર્થે તેને અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવકની પત્ની નિકિતાબેન વસાવાની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસ સ્ટેશનમાં કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બી.એન.એસ.એસ. અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પલસાણામાં અકસ્માતે પડી ગયેલા અજાણ્યા આધેડનું મોત

પલસાણા: ગત તા.૪ નવેમ્બરે રાત્રે આશરે સાડા આઠ વાગ્યાના સુમારે એક આશરે ૫૦ વર્ષનો અજાણ્યો પુરુષ બારડોલીથી સુરત જતા સર્વિસ રોડની બાજુમાં ઝુડિયો શો-રૂમ સામે કોઈ કારણોસર અચાનક પડી ગયો હતો. માથાના ભાગે ગંભીર ઈજા થતાં આધેડને તાત્કાલિક સારવાર માટે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. સ્મીમેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ બનાવ સંદર્ભે કડોદરા જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

'અમારા વિશે ખરાબ સ્ટોરી બનાવી ઇન્સ્ટાગ્રામમાં કેમ મૂકે છે?' કહી હુમલો

નાંદિડામાં સોશિયલ મીડિયામાં સ્ટોરી બાબતે યુવકને માર મરાયો, ચાર શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ

ભરૂચ: વાગરાના નાંદિડાની નવી નગરીમાં રહેતા રાજુભાઈ રણછોડભાઈ રાઠોડ મજૂરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૫/૧૧/૨૦૨૬ના રોજ રાત્રિના અંદાજે સાડા નવેક વાગ્યાના અરસામાં ગામના તળાવની પાળ પાસે રાજુભાઈનો ૧૬ વર્ષીય પુત્ર રોહિત બેઠો હતો. દરમિયાન ગામના જ સાગરભાઈ અરવિંદભાઈ રાઠોડ, અજયભાઈ ગોકુળભાઈ રાઠોડ અને વિષ્ણુ રાજુભાઈ રાઠોડ ત્યાં આવ્યા હતા અને 'અમારા વિશે ખરાબ સ્ટોરી બનાવી ઈન્સ્ટાગ્રામમાં કેમ મૂકે છે?' તેમ કહી રોહિત સાથે બોલાચાલી કરી હતી. આરોપીઓએ રોહિતને પકડી રાખી ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન વચ્ચે બચાવવા પડેલા પરિવારજનો સાથે પણ ઝપાઝપી કરવામાં આવી હતી. તે જ સમયે આરોપીઓનું ઉપરાણું લઈ આવેલા દીપકભાઈ અર્જુનભાઈ રાઠોડે પણ રોહિતને માર મારી નાકના ભાગે તથા છાતી અને કમરના ભાગે ઈજા પહોંચાડી હતી. ઉપરાંત આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત રોહિતને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની તબિયત સુધારા પર છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ ઈશ્વરભાઈ વાઘેલા દ્વારા આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

ભરૂચમાં ટ્રેલર-બાઇક વચ્ચે અકસ્માત થતાં બે ઘાયલ

અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાયો

ભરૂચ: વાગરાના જાગેશ્વર ગામ પાસે શુક્રવારે મોડી રાત્રે ટ્રેલર અને મોટરસાઇકલ વચ્ચે અકસ્માત થતાં બેને ઈજા પહોંચી હતી.

મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ અવસર ફ્લેટ, નર્મદા ચોકડી પાસે ભરૂચમાં રહેતા 35 વર્ષીય લાલુકુમાર રામપ્યારે યાદવ ટ્રક ચલાવે છે. શુક્રવારે રાત્રે આશરે 1:30 વાગ્યે તેઓ (GJ-16-AW-9105) પર રિલાયન્સ કંપનીના ગેટ નંબર એક નજીકથી પસાર થઈ રહ્યા હતા. એ સમયે કંપનીમાંથી બહાર નીકળી રહેલા એક ટ્રેલર નં.(GJ-16-AW-9109)ના ચાલકે પોતાનું વાહન પાછળ લેતી વખતે અચાનક ટ્રેલર ફેરવ્યું હતું. દરમિયાન ટ્રેલરની પાછળ આવી રહેલી મોટરસાઇકલ ટ્રેલર સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મોટરસાઇકલ પર સવાર બંને યુવક રસ્તા પર પટકાયા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે, અકસ્માત બાદ ટ્રેલર ચાલક પોતાનું વાહન લઈને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરિયાદી લાલુકુમારને પ્રાથમિક સારવાર આપ્યા બાદ રજા આપવામાં આવી હતી. જ્યારે તેમની સાથે અકસ્માતમાં 21 વર્ષીય ધનજીકુમાર જીઉતની હાલત ગંભીર હોવાથી સુરત સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સંવેદના અને આત્મીયતાનું ઉત્તમ ઉદાહરણ: ઐશ્વર્યા મિલના માલિક રમેશભાઈ અને શ્રદ્ધાબેન ડુમસિયા કામદારો માટે બન્યા 'પરિવારના મોભી'

ગણેશોત્સવ, નવરાત્રિથી લઈને દિવાળી સુધીના તહેવારોની કામદારો સાથે રંગેચંગે ઉજવણી: કર્મચારીઓને પરિવારની જેમ સાચવતું ઐશ્વર્યા મિલ મેનેજમેન્ટ



પલસાણા: આજના ઔદ્યોગિક યુગમાં જ્યાં માલિક અને કામદાર વચ્ચે મોટેભાગે માત્ર વ્યાવસાયિક સંબંધો જ જોવા મળે છે, ત્યાં પલસાણા સ્થિત ઐશ્વર્યા મિલના માલિક શ્રી રમેશભાઈ ડુમસિયા અને તેમનાં ધર્મપત્ની શ્રદ્ધાબેન ડુમસિયાએ એક અનોખો અને માનવીય ચીલો ચાતર્યો છે. આ દંપતી તેમના કામદારો માટે માત્ર શેઠ નહીં, પરંતુ સાચા અર્થમાં પરિવારનું મોભી બની ગયું છે. તેમનો આ પ્રેમાળ સ્વભાવ સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતમાં વાહવાહી મેળવી રહ્યો છે.

શ્રી રમેશભાઈ અને શ્રદ્ધાબેનનું તેમના કામદારો અને કર્મચારીઓ સાથેનું વર્તન અત્યંત સરાહનીય અને આત્મીયતાથી ભરેલું છે. તેઓ દૃઢપણે માને છે કે મિલની સાચી મૂડી મશીનો નહીં, પરંતુ તેમાં પરસેવો પાડતા શ્રમિકો છે. આ જ કારણસર ઐશ્વર્યા મિલમાં કામદારોને માત્ર કર્મચારી ગણવાને બદલે પરિવારના સભ્યોની જેમ પૂરા સન્માન સાથે સાચવવામાં આવે છે. કર્મચારીઓના સુખ-દુઃખમાં હંમેશાં પડખે ઊભા રહેવાની તેમની ભાવના તેમને અન્ય ઉદ્યોગપતિઓથી એકદમ અલગ તારવે છે.

મિલના પ્રાંગણમાં કામના કલાકો સિવાય પણ ઉત્સાહ અને પારિવારિક હૂંફનો માહોલ છવાયેલો રહે છે. અહીં ગણેશોત્સવ, નવરાત્રિ, દશેરો અને દિવાળી જેવા તમામ નાના-મોટા તહેવારો માત્ર કેલેન્ડરનાં પાનાં કે ઔપચારિકતા પૂરતા સીમિત નથી રહેતા. મિલ માલિકો અને કર્મચારીઓ એકસાથે મળીને કોઈ ભેદભાવ વિના આ તહેવારોની પૂરા જોશ અને રંગેચંગે ઉજવણી કરે છે. તહેવારોના આયોજનમાં રમેશભાઈ અને શ્રદ્ધાબેનની સીધી ભાગીદારી કામદારોમાં એક નવી જ ઊર્જા અને ખુશીનો સંચાર કરે છે. કોરોના કાળની મહામારીના કપરા સમયમાં પણ તેમણે એકપણ કામદારને છૂટા કર્યા ન હતા અને અન્ન તથા આર્થિક સહાય પૂરી પાડીને સાચા અર્થમાં માનવતા મહેકાવી હતી. તેમના આ ઉમદા અને માનવીય અભિગમની નોંધ છેક આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લેવાઈ છે, જેમાં તાજેતરમાં ઝિમ્બાબ્વેના ઉપપ્રમુખે પણ તેમની સુરત મુલાકાત દરમિયાન આ ઔદ્યોગિક મોડલને ખાસ બિરદાવ્યું હતું.

ઐશ્વર્યા મિલનાં ડિરેક્ટર શ્રદ્ધાબેન ડુમસિયા પણ પોતાના કર્તવ્ય પ્રત્યે અત્યંત સભાન છે અને તેઓ માને છે કે દેશની ઇકોનોમી વધારવામાં ઉદ્યોગોની સાથે કામદારોનો ફાળો પણ અમૂલ્ય છે. સાચા અર્થમાં રમેશભાઈ અને શ્રદ્ધાબેન ડુમસિયાનું આ સંચાલન એ દર્શાવે છે કે જો કામદારોને પ્રેમ અને પરિવારની હૂંફ આપવામાં આવે, તો મિલ માત્ર એક કારખાનું ન રહેતા કામદારો માટે 'સ્વર્ગ' બની જાય છે. તેમનો આ સંવેદનશીલ અભિગમ અને કામદારો પ્રત્યેનો લગાવ સમગ્ર દેશના ઉદ્યોગ જગત માટે એક ઉત્તમ અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરો પાડી રહ્યો છે.

'કામદારો માત્ર કર્મચારીઓ નથી, મારો પોતાનો પરિવાર છે': રમેશભાઈ ડુમસિયા

'હું હંમેશાંથી એ જ માનતો આવ્યો છું કે મિલની સાચી મૂડી આ મશીનો નહીં, પરંતુ તેમાં પોતાનો પરસેવો વહાવતાં આપણાં શ્રમિક ભાઈ-બહેનો છે. મેં ક્યારેય તેમને મારાથી અલગ કે માત્ર કામદાર તરીકે જોયાં જ નથી, તેઓ મારા ઐશ્વર્યા મિલ પરિવારના જ સભ્યો છે. કોરોના મહામારીનો એ કપરો સમય હોય ત્યારે પણ મેં દૃઢ નિશ્ચય કર્યો હતો કે મારા એકપણ કામદારને હું છૂટો નહીં કરું અને તેમને કોઈપણ પ્રકારની તકલીફ પડવા નહીં દઉં. પરિવારના મોભી તરીકે તેમની અને તેમનાં બાળકોની ચિંતા કરવી એ મારી નૈતિક ફરજ છે. આજે મિલમાં ગણેશોત્સવ હોય કે દિવાળી, અમે સૌ હળીમળીને જ તહેવારો ઉજવીએ છીએ. મારા માટે આ મિલ માત્ર એક કારખાનું નથી, પણ માનવતા અને લાગણીઓથી ગૂંથાયેલો અમારો એક મોટો પરિવાર છે.'

- રમેશભાઈ ડુમસિયા (માલિક, ઐશ્વર્યા મિલ)